પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૨૩ | ૪ ફેબ્રુઆરી, ૨૦૧૭, શનિવાર ; મહા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# કેશ ઉપાડવાની મર્યાદા આજકાલમાં હટશે

## કરન્સી સપ્લાયર અને મેનેજમેન્ટની જવાબદારી રિઝર્વ બેંકની છે : નોટબંધી બાદ ૯૦ દિવસથી પણ પહેલા જ માર્કેટમાં રોકડની કમી રહી નથી : નાની નોટો પર હવે વધુ ધ્યાન : બચત બેંક ખાતામાંથી ઉપાડની મર્યાદા દુર કરાશે

નવી દિલ્હી, તા. ૩

ભારત સરકારના આર્થિક મામલાના સચિવ શક્તિકાંત દાસે આજે દાવો કરતા કહ્યું હતું કે ગયા વર્ષે આઠમી નવેમ્બરના દિવસે જૂની ૫૦૦ અને ૧૦૦૦ની નોટને અમાન્ય જાહેર કરવામાં આવ્યા બાદ માર્કેટમાં આવેલી રોકડ કટોકટીની તકલીફને દુર કરી દેવામાં આવી છે. હવે કોઈ કટોકટી રહી નથી. સામાન્ય રીતે તમામ અડચણો દુર થઈ ચુકી છે. વિડ્રોઅલ અથવા ઉપાડ પર કોઈ પ્રતિબંધ નથી. તેમણે જાહેરાત કરતા કહ્યું હતું કે રોકડ ઉપાડવા માટેની જે મર્યાદા રાખવામાં આવી છે તે પણ હવે સંપૂર્ણપણે દુર કરી લેવામાં આવશે. એક મુલાકાતમાં તેમણે કહ્યું છે કે બચત ખાતાની દર સપ્તાહમાં ૨૪૦૦૦ રૂપિયા ઉપાડવાની મર્યાદાને છોડી દેવામાં આવે તો રોકડ ઉપાડ પરથી તમામ પ્રતિબંધો હવે દુર કરવામાં આવી ચુક્યા છે. થોડાક સમય બાદ આ પ્રતિબંધને પણ દુર કરી દેવામાં આવશે. દાસે કહ્યું હતું કે કરન્સી સપ્લાય અને મેનેજમેન્ટ કરવાની જવાબદારી રિઝર્વ બેંકની છે. માત્ર કેન્દ્રિય બેંક જ બચત ખાતાથી કેશ ઉપાડની આ મર્યાદાને હટાવી દેવા પર નજીકના ભવિષ્યમાં નિર્ણય કરશે. તેમણે કહ્યું હતું કે કદાચ કોઈ વ્યક્તિ એક મહિનામાં એક લાખ રૂપિયાની રોકડ ઉપાડ કરે છે. જેથી એવું લાગે છે કે કેશ ઉપાડવા પર આ મર્યાદાને વિશેષ મહત્વરૂપે ગણવી જોઈએ નહીં. રિઝર્વ બેંક હવે નાની નોટના સપ્લાય ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. દાસે કહ્યું હતું કે નોટબંધીની જાહેરાત થયા બાદથી ૯૦ દિવસથી પણ પહેલા માર્કેટમાં રોકડની કટોકટી દુર કરવામાં આવી ચુકી છે. અત્રે નોંધનિય છે કે આ સપ્તાહની શરૂઆતમાં રિઝર્વ બેંકે જાહેરાત કરી હતી કે કરન્ટ અને ઓવરડ્રાફ્ટ એકાઉન્ટ અને એટીએમમાંથી દરરોજ ઉપાડ માટેની મર્યાદાને દુર કરી લેવામાં આવી છે. આ ઉપરાંત રિઝર્વ બેંકે એવું વચન પણ આપ્યું હતું કે આવનાર દિવસોમાં સાપ્તાહિક રીતે રોકડની સ્થિતિની સમીક્ષા કરવામાં આવશે. નોટબંધી બાદ રોકડની અછતને ધ્યાનમાં લઈને રિઝર્વ બેંક અને સરકારે બેંક અને એટીએમમાંથી રોકડ ઉપાડની મર્યાદા નક્કી કરી હતી. અલબત્ત

● અનુસંધાન પાન-૭ પર

# આવકવેરા રિટર્ન માર્ચ સુધી ભરવા ફરજિયાત થશે

## કરવેરા મૂલ્યાંકન પ્રક્રિયામાં ઝડપ લાવવા માટેની તૈયારી : આઈટી રિટર્ન ભરવામાં વિલંબ થશે તો કરદાતાઓ ઉપર ૧૦ હજાર રૂપિયા સુધીનો દંડ લાગુ કરવામાં આવી શકે

નવી દિલ્હી, તા. ૩

આઈટી રિટર્ન ભરવામાં વિલંબ થવાની સ્થિતિમાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં ૧૦ હજાર રૂપિયા સુધીનો દંડ ચૂકવવાની ફરજ પડી શકે છે. કરવેરા મૂલ્યાંકન પ્રક્રિયામાં ઝડપ લાવવાના ઈરાદાથી મહેસુલી વિભાગે એક દરખાસ્ત તૈયાર કરી લીધી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે કરદાતાઓ દ્વારા આવકવેરા રિટર્ન અને સુધારવામાં આવેલા રિટર્નની પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવનાર છે. આ મૂલ્યાંકન વર્ષના માર્ચના અંત સુધી દાખલ કરવામાં આવે તે જરૂરી છે. સુધારવામાં આવેલા રિટર્ન દરેક મૂલ્યાંકન વર્ષમાં માર્ચના અંત સુધી દાખલ કરવામાં આવ્યા બાદ આ પ્રક્રિયા વધુ સરળ બની શકે છે. નાણાકીય બિલ-૨૦૧૭ અંગે માહિતી આપતા અધિકારીએ આ મુજબની વાત કરી છે. વિભાગે આવકવેરા રિટર્ન દાખલ કરવામાં વિલંબ થવાની સ્થિતિમાં ચાર્જ લાગુ કરવાની દરખાસ્ત તૈયાર કરી લીધી છે. જે કરદાતાઓની આવક પાંચ લાખ રૂપિયાથી વધારે નથી તેમના પર ૧૦૦ રૂપિયા સુધીનો દંડ લાગુ કરવામાં આવી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

## પંજાબ-ગોવામાં ઈ-બેલેટનો પ્રયોગ થશે

નવી દિલ્હી, તા. ૩

પંજાબ અને ગોવામાં ઈ-બેલેટ સિસ્ટમની પ્રથમ વખત ચકાસણી કરવામાં આવનાર છે. એટલે કે પ્રથમ વખત આ વ્યવસ્થા અમલી બનાવવામાં આવી રહી છે. ઈલેક્ટ્રોનિક રીતે મતદાન થનાર છે. પંજાબ અને ગોવામાં આવતીકાલે ચૂંટણી યોજાનાર છે ત્યારે ગોવામાં તમામ ૪૦ બેઠકોને ઈલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલોટ સિસ્ટમથી આવરી લેવામાં આવી છે. જ્યારે પંજાબમાં ૧૧૭ સીટો પૈકી પાંચ બેઠકોમાં આનો ઉપયોગ કરવામાં આવનાર છે. પંજાબમાં જે પાંચ બેઠકો માટે ઉપયોગ કરવામાં આવનાર છે તેમાં લુધિયાણા પૂર્વ, લુધિયાણા ઉત્તર, અમૃતસર ઉત્તર, જલંધર પશ્ચિમ અને આત્માનગરનો સમાવેશ થાય છે.

# પંજાબ-ગોવામાં આજે મતદાન

## પંજાબમાં હાલ શિરોમણી અકાલીદળ-ભાજપ ગઠબંધન સરકાર અને ગોવામાં ભાજપ સરકાર છે : કોંગ્રેસ પાર્ટી માટે પણ ચૂંટણી પ્રતિષ્ઠાસમાન બની રહેશે

નવી દિલ્હી, તા. ૩



પંજાબ અને ગોવામાં આવતીકાલે વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. મતદાનને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. નોટબંધી બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રથમ ભાજપ સરકારની લોકપ્રિયતાની પ્રથમ મોટી કસૌટી થનાર છે. પંજાબમાં ૧૧૭ અને ગોવામાં ૪૦ બેઠકો માટે મતદાન યોજાનાર છે. બન્ને રાજ્યોમાં ભાજપ સત્તામાં છે. જેથી તેની સામે સત્તા જાળવી રાખવા માટે પડકાર છે. વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચાર બેઠક જીતી જનાર એએપી દ્વારા તમામ ૧૧૭ બેઠકો પર ઉમેદવાર ઉતારી દેવામાં આવ્યા છે. તે અપસેટ સર્જવા માટે દાવો કરે છે. કોંગ્રેસ અને ભાજપ સામે એએપી દ્વારા પડકાર ફેંકવામાં આવ્યો છે. ગુરૂવારના દિવસે પ્રચારના અંતિમ દિવસે તમામ રાજકીય પક્ષોએ જોરદાર ચૂંટણી પ્રચાર કરીને મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. પ્રકાશસિંહ બાદલના નેતૃત્વમાં અકાળી દળ-ભાજપ ગઠબંધન સામે કેટલાક પડકારો રહેલા છે. બીજી બાજુ અમરિન્દર સિંહના નેતૃત્વમાં કોંગ્રેસ મેદાનમાં ઉતરી છે. પંજાબમાં મતદારોને પ્રભાવિત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી તેમજ એએપીના નેતા અરવિન્દ કેજરીવાલ જોરદાર પ્રચાર કરી ચુક્યા છે. ગોવામાં ૪૦

● અનુસંધાન પાન-૭ પર

# સાંસદ અહેમદના અવસાન મામલે લોકસભામાં હોબાળો

## લોકસભાની કાર્યવાહી શરૂ થતાની સાથે જ કોંગ્રેસ દ્વારા ભારે ધાંધલ ધમાલ કરાઈ : કાર્યવાહી દિવસ માટે મોકુફ



નવી દિલ્હી, તા. ૩

મુસ્લિમ લીગના સાંસદ ઈ અહેમદના અવસાન બાદ સંસદ સ્થગિત નહીં કરવાના નિર્ણયને લઈને હવે વિવાદ છેડાઈ રહ્યો છે. નાણામંત્રી અરૂણ જેટલીએ બજેટ રજુ કર્યાના બે દિવસ બાદ કોંગ્રેસે ભારે હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસે ધાંધલ ધમાલ મચાવીને સરકાર પર વરિષ્ઠ નેતાનું અપમાન કરવાનો આક્ષેપ કર્યો હતો. વિપક્ષે આ મામલામાં તપાસની માંગ પણ કરી છે. કોંગ્રેસ પાર્ટીએ આ સમગ્ર મામલામાં સંસદમાં સ્થગિત પ્રસ્તાવ લાવવાની પણ માંગ કરી છે. વિપક્ષના હોબાળા બાદ લોકસભાની કાર્યવાહી આજે સોમવાર સુધી મોકુફ કરી દેવામાં આવી હતી. વિપક્ષે સંસદમાં સ્થગિત પ્રસ્તાવ રજુ કર્યો હતો. વિપક્ષની ધાંધલ ધમાલ બાદ લોકસભામાં તૃણમૂલે પણ પોતાના સભ્યોની ધરપકડને લઈને ધાંધલ ધમાલ મચાવી હતી. ઈ અહેમદ પર મંગળવારના દિવસે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના અભિભાષણ દરમ્યાન અટેકનો હુમલો થયો હતો. ત્યારબાદ તેમને

● અનુસંધાન પાન-૭ પર

# વીઝા નિયમો કઠોર કરાયા બાદ ભારત રજૂઆત કરશે

## ભારતીય કંપનીઓનુ પ્રતિનિધીમંડળ અમેરિકા જશે : એચ-૧બી વીઝા પ્રોગ્રામને વધારે કઠોર કરવાની હિલચાલ ડોનાલ્ડ ટ્રમ્પે હાથ ધરી છે ત્યારે વિરોધ કરવાની તૈયારી

નવી દિલ્હી, તા. ૩

ભારતની દિગ્ગજ ટેકનોલોજી કંપનીઓના પ્રમુખો મહિનામાં અમેરિકા જઈને વીઝા નીતિને કઠોર કરવાની અમેરિકાની હિલચાલ સામે પોતાની રજૂઆત કરશે. ભારતીય કંપનીઓના પ્રતિનિધીમંડળ દ્વારા વીઝા નીતિને વધારે કઠોર કરવાની હિલચાલનો વિરોધ કરીને તર્ક સાથે રજૂઆત કરવામાં આવનાર છે. અમેરિકાના નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની યોજના એચ-૧બી વીઝાને વધુ કઠોર કરવાની યોજના ધરાવે છે. નેશનલ એસોસિએશન ઓફ સોફ્ટવેર એન્ડ સર્વિસેઝ કંપનીના ચીફ આર. ચન્દ્રશેખરે કહ્યુ હતુકે ૨૦મી ફેબ્રુઆરીના દિવસે ભારતીય કંપનીઓના સીઈઓ અમેરિકાના સાંસદોની સાથે વાતચીત કરશે. ડોનાલ્ડ ટ્રમ્પની યોજનાની વિરુદ્ધ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### સંજીવ સન્યાલ મુખ્ય આર્થિક સલાહકાર બન્યા



જાણીતા આર્થિક તજજ્ઞ સંજીવ સન્યાલ દેશના મુખ્ય આર્થિક સલાહકાર બનશે.

### શલભકુમાર અમેરિકાના ભારતમાં નવા રાજદૂત બનશે




અમેરીકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ સમર્થક અને ઈન્ડિયન અમેરિકનના દાતા શલભકુમાર ભારત ખાતેના નવા રાજદૂત બનશે.

### માઈક્રોસોફ્ટના ચીફ સત્ય નડેલા ભારત આવે છે



કોમ્પ્યુટર યુગના અગ્રેસર માઈક્રોસોફ્ટના ચીફ સત્યા નડેલા માર્ચ મહિનામાં ભારતની મુલાકાતે આવી રહ્યા છે.

### વિરાટ કોહલી આઈસીસી ટી-૨૦ રેન્કીંગમાં ટોચ ઉપર



ભારતે ઈંગ્લેન્ડને હરાવી આઈસીસી ટી-૨૦ ટીમ રેન્કીંગમાં બીજુ સ્થાન મેળવ્યુ છે. જ્યારે વિરાટ કોહલીએ બેટ્સમેન રેન્કીંગમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

### મારૂતિ સુઝીકીના વેચાણમાં ૨૭.૧ ટકાનો



### વધારો

મારૂતિ સુઝીકી માટે ૨૦૧૭ના વર્ષનો પ્રારંભ શુકનીયાળ સાહિત થયો છે. જાન્યુઆરી મહિનામાં ૨૭.૧ ટકાનો વેચાણમાં વધારો નોંધાયો છે.

### હિરોનું ઈલેક્ટ્રીક સ્કૂટર 'ફ્લેશ' લોન્ચ

હિરો કંપની તેનું નવું ઈ-સ્કૂટર 'ફ્લેશ' બજારમાં લોન્ચ કરે છે. ૧૯,૯૯૦ની કિંમતના સ્કૂટરમાં ૨૫૦ વોટની મોટર લગાવાઈ છે.


**કેરટેકર જોઈએ છે**

સેક્ટર-૩(એ) ન્યુમાં રહેતા ૭૫ વર્ષના વૃદ્ધ માજી માટે ૨૪ કલાકના કેરટેકર બહેનની જરૂરિયાત છે.

સંપર્ક : ૯૮૨૫૦ ૯૮૪૮૯ ૯૮૨૫૦ ૦૦૯૬૧













